# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૦ તા.૨૨-૦૬-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- મચ્છરજન્ય રોગચાળો અટકાવવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, મ્યુનિ. કોર્પોરેશનના મલેરિયા વિભાગે મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે માટે સઘન ઝુંબેશ હાથ ધરેલ છે. રોગચાળાને ઉત્પત્તિ સ્થાને જ અટકાવવા મ્યુનિ. કોર્પોરેશનની મલેરિયા ટીમને સહયોગ આપવો ખૂબ જરૂરી હોઈ આપ સૌ નીચે મુજબની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

- શાળા પરિસર સ્વચ્છ રાખવું જેમ કે મેદાન, પાણીની ટાંકી, પીવાના પાણીના નળ ટપકતા ન હોય, પાણી ભરાતુ હોય તો નિકાલ કરવો.
- શાળાની અગાશીમાં બિન ઉપયોગી વસ્તુઓ, બિન વપરાશના સાધનો જેમ કે, બેન્ચીસ, રમત ગમતના સાધનોનો નિકાલ કરવો.
- અ.મ્યુ.કો. હેલ્થ વિભાગ દ્વારા હવે પછીથી શાળાની મુલાકાત વખતે અગાશીની સ્વચ્છતાનું અવશ્ય નિરીક્ષણ કરતા હોય છે તેથી કોઈપણ પ્રકારની સ્કેપ ટાયર, ઝાડી ઝાંખરા, પાંદડા વગેરે સહિતના કચરાનો સત્વરે નિકાલ કરવો.
- દર સોમવારે આપની શાળામાં મચ્છરજન્ય રોગચાળો અટકાવવા મ્યુનિ. કોર્પો. ઝોનના મલેરિયા વિભાગ દ્વારા પુરા પાડવામાં આવેલ QR Code સ્કેન કરી નિયમિતપણે માહિતી અંગ્રેજી કેપિટલ અક્ષરમાં અપલોડ કરવા જણાવવામાં આવે છે.

તા.૨૨-૦૬-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન | NATIONAL HEALTH MISSION

# બનો સમજદાર...
# મચ્છરજન્ય રોગો સામે
# લડવા થાઓ તૈયાર...



## મચ્છરની ઉત્પત્તિ અટકાવવા આટલું કરો

- મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે તમામ ટાંકીઓ, જમા કરેલ પાણી અને પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવા તેમજ તેની ખાતરી કરવી.
- અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વખત સિંક અને વોટર બેરલની અંદર સફાઇ કરો અને પાણી બદલો.
- કૂંડાઓ અને ક્યારામાંથી વધારાનું પાણી કાઢી તેમાં ઝીણી રેતી નાખી દો.
- અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વખત ફૂલદાનીમાં પાણી બદલો.
- કોઈ પણ બિન વપરાશી કન્ટેનર અને વસ્તુઓનો સુરક્ષિત રીતે નિકાલ કરો જેમાં પાણી એકત્ર થઈ શકે એમ છે અને જ્યાં મચ્છરો પેદા થઈ શકે છે.

મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે આપની પ્રિમાઇસીસમાં દર અઠવાડિયે તપાસ કરીને **દર્શાવેલ ક્યુરઆર કોડ સ્કેન કરી માહિતી અપલોડ કરવાની રહેશે**

## ચેકલિસ્ટ ફોર્મ

| ક્રમ નં | તારીખ | ચેક કરનારનું નામ | મળેલ ક્ષતીઓ | સહી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |